# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૪ (A) તા.૨૪-૮-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :- ધો.૬ થી ૮માં અભ્યાસરત વિદ્યાર્થીઓને ઉકાળો પિવડાવવા બાબત.**

આથી મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ચોમાસામાં વાયરસ, ઇન્ફેક્શનથી બચવા આર્યુવેદિક જડી બુટ્ટીઓથી તૈયાર કરવામાં આવતો ઉકાળો મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિતરણ કરવામાં આવી રહયું છે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને ૨૦ મિલીલીટર (એમ.એલ.) એટલે ચાના પેપર કપનો અડધો કપ આપી શકાય. આ અંગેની વિતરણ વ્યવસ્થા બીટ વાઇઝ કરવામાં આવી છે. નીચે મુજબની સૂચનાઓ ધ્યાને રાખી અમલ કરશો.

૧. ઉકાળો ધો.૬ થી ૮ વાળી શાળાના મુખ્ય શિક્ષકને આપવામાં આવશે.

૨. જ્યારે પણ ઉકાળો આપવામાં આવે ત્યારે એક દિવસમાં ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓને ૨૦ એમ.એલ. આપવાનો રહેશે.

૩. જે બાળકોને તાવ, ઝાડા, ઉલ્ટી કે માંદગી હોય તેવા બાળકોને વિવેકબુધ્ધિ વાપરીને ઉકાળો આપવાનું નક્કી કરવું.

૪. ઉકાળા વિતરણના દિવસે શાળામાં ૩' x ૨ ફૂટનું બેનર બનાવી લગાડવું.

૩'

| |
|---|
| અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા |
| મ્યુનિ. શાળાના વિદ્યાર્થીઓને ઉકાળા |
| વિતરણ કાર્યક્રમ |
| નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ |

૨'

૫. આ ઉકાળો વિદ્યાર્થીઓને ભૂખ્યા પેટે પ્રાર્થના સભા પછી તરત વિતરણ કરવાનો રહેશે. જે શાળાઓનો સમય ૧૧ થી ૫ કે બપોર પાળીનો છે તે શાળાઓના વિદ્યાર્થીઓને ખાલીપેટે પ્રાર્થના પછી (ધો.૬ થી ૮) ૨૦ એમ.એલ. પિવડાવવાનો રહેશે.

૬. ઉકાળા પિવડાવવાના કાર્યક્રમમાં સ્થાનિક કાઉન્સીલરશ્રીઓ, સ્કૂલબોર્ડ સભ્યશ્રીઓ, કે એસ.એમ.સી. અધ્યક્ષશ્રી કે સભ્યને આમંત્રિત કરવાના રહેશે.

૭. બેનર લગાવીને વિદ્યાર્થીઓને ઉકાળો પિવડાવવાની વ્યવસ્થા ગોઠવવી તેમજ ૨ ફોટા બીટ નિરીક્ષકશ્રીને મોકલવા.

આ કામગીરી માટે તમારી શાળામાં કયારે કાર્યક્રમ છે તે અંગેની જાણ બીટનિરીક્ષક દ્વારા થશે તેથી આ બાબતે સ્પષ્ટતાની જરૂર જણાય તો બીટ નિરીક્ષકશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગેનું સમગ્ર સંકલન ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુર,નાયબ શાસનાધિકારી કરી રહયા છે.

તા.૨૪-૮-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી